ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ચાર વર્ષમાં ગાંધીનગર વિસ્તારમાં ૧૬,૫૬૩ કરોડના વિકાસકામો પૂરા થયા છે : અમીત શાહ

## આ વર્ષે રૂ. ૫૨૦૦ કરોડના કામો હાલ પ્રગતિ હેઠળ છે : સાંસદ તરીકે મને આ વાતનું ગૌરવ છે



ગાંધીનગર, તા. ૨૦

છેલ્લા ૪ વર્ષમાં ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં રૂ. ૧૬,૫૬૩ કરોડના વિકાસ કામો પૂરા થયા છે અને રૂ. ૫૨૦૦ કરોડના કામો હાલ પ્રગતિ હેઠળ છે તેમ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે આજે ગાંધીનગર ખાતે મનપાના રૂ. ૪૦૦ કરોડના વિકાસ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરતાં જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ કે આ વિકાસ કામોમાં રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા કે હોસ્પિટલોના નિર્માણના કામોનો સમાવેશ થતો નથી. નાના-નાના અને લોકોપયોગી વિકાસ કામોની વાત છે. શાહે જણાવ્યુ હતુ કે આ વાત એ તેમના પક્ષ અને સાથીઓની વિકાસ માટેની સંકલ્પબદ્ધતા બતાવે છે. તેમણે કોંગ્રેસ પર ટોણો મારતાં કહ્યુ હતુ કે પહેલાં ધારાસભ્ય ચૂંટણી આવે એટલે માર્ગ બનાવવાનો પત્ર લખી અને જંગ જીતી જાય, બીજી ચૂંટણી આવે એટલે જોબ નંબર લઈ આવે અને જંગ જીતે ત્રીજી ચૂંટણી વખતે થોડીક કપચી નખાવી દે અને જંગ જીતી જાય પણ ચોથીવાર આવે એટલે હારી જાય.

ભાજપમાં આ વાત નથી જે ખાતમુહૂર્ત કરે તે જ ઉદ્‌ઘાટન કરે અને એટલે જ ભાજપ અન્ય પાર્ટીઓ કરતાં અલગ તરી આવે છે.

તેમણે કહ્યુ કે નરેન્દ્રભાઈએ ગુજરાતમાં વિકાસની રાજનીતિ શરૂ કરી હતી. તેમણે વિકાસ માટે જે અભિગમ અપનાવ્યો અને વ્યવસ્થા ઉભી કરી તે તેઓ પ્રધાનમંત્રી થયા પછી પણ ગુજરાતમાં ચાલુ છે અને ગુજરાતમાં આજે પણ ભાજપ છે.

તેમણે પોતાનો જ દાખલો ટાંકી જણાવ્યુ હતુ કે ૨૦૦૩માં ધારાસભ્ય તરીકે તેમને મળતી ગ્રાન્ટ સરખેજ વિસ્તારમાં આવતાં વીસ ગામોમાં સાતત્યપૂર્ણ વીજપુરવઠા માટે વીજ ફિડરો અને આનુસંગિક કામ માટે ફાળવી તો આખી ગ્રાન્ટ પૂરી થઈ ગઈ. સરખેજ મત વિસ્તાર ખુબ મોટો વિસ્તાર હતો. પરંતુ છ મહિના પછી જ નરેન્દ્રભાઈએ ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ કલાક વીજ પુરવઠા માટે જ્યોતિગ્રામ યોજના અમલમાં

● અનુસંધાન પાન-૭

# બે દિવસમાં ૨૭૦૦ મિલકતધારકોએ રૂા.બે કરોડ ૪ લાખથી વધુનો વેરો ભર્યો

## ૧૯મીએ વિક્રમી આવક નોંધાઈ : એક જ દિવસમાં ૧ કરોડ ૩૯ લાખથી વધુની આવક મિલ્કતવેરા પેટે થઈ

ગાંધીનગર, તા. ૨૦

બે જ દિવસમાં મહાનગરપાલિકામાં બે કરોડ ૪ લાખથી વધુની આવક મિલ્કતવેરા પેટે થઈ છે. ગઈકાલે અર્થાત્ ૧૯મી તારીખે મનપાએ મિલ્કતવેરાની આવકમાં નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. આ દિવસે ૧ કરોડ ૩૯ લાખથી વધુની આવક નોંધાઈ હતી. જે આજ સુધીમાં એક દિવસમાં નોંધાયેલી સૌથી વધુ આવક છે.

ગાંધીનગર શહેરમાં જેમ જેમ બિલ વિતરણની કામગીરી આગળ વધી રહી છે તેમ તેમ કરદાતાઓ દ્વારા વેરા ભરવાની કામગીરી માટે એટલો જ ઉત્સાહ દાખવવામાં આવી રહ્યો છે. જો કે હજુ ઘણા બધા વિસ્તારોમાં બિલોનું વિતરણ થઈ શક્યુ નથી. વળતર યોજના પૂર્ણ થવાને આડે હવે ૧૦ દિવસ બાકી છે. આમ બિલ વિતરણું કાર્ય પૂર્ણ નથી થયુ પણ વળતર યોજના પૂર્ણ થઈ જશે.

મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે બે દિવસમાં ૨૭૦૦થી વધુ કરદાતાઓએ વેરો ભરી અને વળતર યોજનાનો લાભ લીધો છે.

મનપામાં ૧૯મી તારીખે એક કરોડ ૩૯ લાખથી વધુની આવક અને ૨૦મીએ રૂ. ૬૭ લાખ ૬૮ હજારથી વધુની આવક મિલ્કતવેરા પેટે થઈ છે. ૧૯મીએ ૧૫૭૦ મિલ્કતધારકોએ અને ૨૦મીએ ૧૧૮૫ મિલ્કતધારકોએ મિલ્કતવેરો ભર્યો છે.

મનપામાં મિલ્કતવેરો એ આવકનું મુખ્ય સ્રોત છે અને તંત્રએ પણ આ આવક માટે મિલ્કતધારકોને પરેશાન ન થવુ પડે તે માટે ૧૫ જેટલા કાઉન્ટર મનપાની જૂની કચેરીમાં ઉભા કરી દીધા છે.

મિલ્કતવેરામાં ૩૦ ટકાથી વધુ મિલ્કતધારકોએ ઓનલાઈન પેમેન્ટ કરી અને ડિજીટલ પેમેન્ટ તરફના લગાવને પ્રતિબિંબિત કર્યો છે. મનપામાં ડિજીટલ પેમેન્ટ વધે તે માટે તંત્રએ તેના આઈ.ટી. સેલના આધુનિકરણની દિશામાં પણ કામગીરી હાથ પર લઈ લીધી છે જે ઉલ્લેખનીય છે.

# શહેરમાં ગરમીનો પારો ૪૨ને પાર

## વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૭૫ ટકા રહેતા નગરજનો આકરા તાપ સાથે બફારાથી પણ પ્રભાવિત : લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડીગ્રીએ પહોંચ્યુ

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં ગરમીના પારાની સતત ચઢ ઉતર જોવા મળે છે. છેલ્લા બે સપ્તાહથી ગરમીનો મિજાજ ઉગ્ર બનતો જાય છે. છેલ્લા કેટલાક સમયથી મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીની ઉપર જ રહ્યુ છે. છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ૪૧ ડીગ્રીએ રહ્યો હતો જયારે આજે અચાનક જ વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ વધી ગયુ હતુ. મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રીએ આવી ગયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ એક ડીગ્રી ઉંચકાયુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૭૫ ટકા સુધી આવી જતા નગરજનોએ દિવસ દરમિયાન આકરા તાપ વચ્ચે અસહ્ય બફારો પણ અનુભવ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા બે સપ્તાહથી આકરી ગરમીનુ મોજુ ફરી વળ્યુ છે. આકરી ગરમીના લીધે નગરજનો બેબાકળા બન્યા છે. અસહ્ય ગરમીના લીધે શહેરીજનો ગરમીથી બચવા માટે અનેક નુસખા અજમાવી રહ્યા છે. થોડા દિવસ અગાઉ સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા બફારો પણ વધ્યો છે. જયારે સતત બે દિવસ સુધી ગરમીનો પારો ૪૧.૫ ડીગ્રીએ સ્થિર રહ્યા બાદ આજે ફરી એકવાર મહત્તમ તાપમાનમાં એક ડીગ્રીનો વધારો નોંધાયો છે. આજે મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રી નોંધાયુ હતુ જેના લીધે સવારથી જ વાતાવરણમાં આકરા ઉકળાટ વચ્ચે બફારાનુ જોર રહ્યુ હતુ. બપોરના સમયે આકાશમાંથી અંગારા વરસ્યા હતા. બપોરે અંગ દઝાડતી ગરમીના લીધે નગરજનોએ ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. છેલ્લા ૧૫ દિવસથી નગરજનો આકરી ગરમીમાં શેકાઈ રહ્યા છે. જયારે ગત દિવસોમાં માંડ એકવાર ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ આવ્યો હતો. લાંબા સમયથી મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીની ઉપર જ રહેતા સતત હીટવેવના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. લું લાગવાના કિસ્સાઓ પણ વધી રહ્યા છે. આકરી ગરમીથી બચવા માટે સેકટરવાસીઓને ઘરમાં રહેવા માટે તેમજ વધુ પાણી અને પ્રવાહી પીવા માટે તબીબોએ સલાહ આપી છે. શહેરમાં ગરમીએ કાળોકહેર વર્તાવ્યો છે. એકબાજુ ગરમીનુ જોર યથાવત છે. ત્યારે બીજીતરફ વાતાવરણ પલ્ટો જોવા મળે છે. વાદળિયા વાતાવરણ વચ્ચે ઉગતા ઉનાળાથી જ અનેકવાર વરસાદી ઝાપટુ વરસતા ચોમાસા જેવા ભીંજારાનો માહોલ પણ જોવા મળે છે. વાતાવરણ પલ્ટાની આગાહીના લીધે વરસાદી વાયરો ફુંકાય તેવી સંભાવના પ્રબળ છે. ગાંધીનગરમાં છેલ્લા માર્ચ અને એપ્રિલ મહીના

● અનુસંધાન પાન-૭

# નવા ગાંધીનગરમાં ચોમાસામાં માર્ગો પર સંભવિત ગાબડાની સ્થિતિ માટે એક્શન પ્લાન

## સંબંધિત એજન્સી ને સૂચના આપવામાં આવી મેં ના અંત પહેલા જ કામ પૂર્ણ કરી દેવાશે

ગાંધીનગર, તા.૨૦

આગામી વરસાદી દિવસોને ધ્યાનમાં રાખી નવા ગાંધીનગરમાં ગાબડાની ભયજનક સ્થિતિ નિવારવા માટે તંત્ર દ્વારા અત્યારથીજ આયોજન કરી દેવાયું છે ગાંધીનગરમાં સ્માર્ટ સિટી અન્વયે ૨૪ કલાક પાણી માટેની નવી લાઈનો નાખવા ઠેર ઠેર ખોદકામના લીધે આંતરિક માર્ગોનું કામ વિલંબમાં પડ્યું છે .નવા ગાંધીનગરમાં ગત વરસાદી દિવસો જેવી સ્થિતિ ના સર્જાય તે માટે તંત્ર દ્વારા ગતિવિધિ હાથ ધરવામાં આવી છે જયારે તા ૩૧મી મે પુર્વે જ રસ્તાની જરૂરી સમાર કામગીરી પૂર્ણ કરી દેવાશે

ગત ચોમાસા દરમિયાન વરસાદનું જોર ઓછું હતું છતાં પણ ન્યુ ગાંધીનગરમાં કુડાસણ, સરગાસણ, વાસણા હડમતિયા, ઉવારસદ, રાયસણ, તારાપુર, પોર, ઈન્દ્રોડા, ધોળાકુવા, રાંદેસણ, કોબા વિસ્તારમાં માર્ગો પર ઠેર ઠેર ગાબડાં અસ્તિત્વમાં આવ્યા હતા જેમાં મુખ્ય માર્ગ અને આંતરિક માર્ગ પર ડામરની સપાટી અદ્રશ્ય થઈ ગઈ હતી જયારે કાદવ અને કિચડનું સામ્રાજય જોવા મળ્યું હતું . આ સ્થિતિ વચ્ચે રહેવાસીઓએ વ્યાપક હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો આ વખતે પણ ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા રોડની કાંકરી ઉખડી ગઈ હોય ત્યાં પેચવર્ક કરી દેવા સંબંધિત એજન્સીને સૂચના આપી દેવામાં આવી છે આ ઉપરાંત નાના મોટા ખાડાનું યોગ્ય પુરાણ કરીને જ પેચ વર્ક કરવાની સુચના આપવામાં આવી છે.સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર ક્યા માર્ગ ક્ષતિગ્રસ્ત બન્યાં છે અને કેટલું નુક્શાન થયું છે તે અંગે અભ્યાસ હાથ ધરાશે જેના અંતે રિપોર્ટ પણ તૈયાર કરાશે . જો કે આ કામ પૂર્ણતાના આરે છે આગામી નજીકના દિવસોમાં જ આ કામગીરી પૂર્ણ કરી દેવાશે

# પંચાયતની ગટરલાઈનો ઉભરાતાં કર્મચારીઓનું આરોગ્ય જોખમમાં

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મનપાની નવી કચેરી નજીક આવેલ ફાયર સ્ટાફ ક્વાટર્સમાં ગટરો ઉભરાતા કચેરીમાં કર્મચારીઓને અને ક્વાટર્સમાં પરિવારોની પરેશાનીમાં વધારો થવા પામ્યો છે.

મનપાની નવી કચેરી નજીક આવેલા ફાયર સ્ટાફ ક્વાટર્સની ગટરલાઈનો છેલ્લા ઘણા સમયથી ઉભરાઈ રહી છે. આ ગટરોની સફાઈ માટે વારંવાર રજૂઆતો પછી પણ ઉકેલ ન આવતાં હવે કર્મચારીઓ પણ નિરાશ થયા છે.

મનપાની કચેરીની બાજુમાં આવેલ પંચાયતમાં પણ ગટરલાઈન ઉભરાઈ રહી છે. આ ગટરલાઈનોના નિકાલની વ્યવસ્થા ક્યાં ખોરવાઈ જવા પામી છે તે હજુ સુધી તંત્ર શોધી શક્યુ નથી. આ ગટરલાઈનો ઉભરાવવાને કારણે અહિ મચ્છરોની ઉત્પત્તિનું કેન્દ્ર બન્યુ છે એટલુ જ નહિ અહિ દુર્ગંધ પણ એટલી મારે છે કે કર્મચારીઓને બેસવામાં તકલીફો પડી રહી છે.

ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યા હવે ગંભીર બની રહી છે. શહેરની વિવિધ કચેરીઓમાં ગટરો ઉભરાવવાની સમસ્યા જે રીતે વિકરાળ બની રહી છે તેવી જ સ્થિતિ શહેરના સેક્ટરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ થઈ છે.

ગટરલાઈનો ઉભરાવાને કારણે આરોગ્યની સમસ્યા ઉભી થવાનો ભય ઉભો થયો છે. શહેરની સુખાકારી માટેની વાતો ભાષણો પુરતી સિમીત ન રહે અને ઝડપથી આ ગટરલાઈનોના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા પર સત્તાધીશો ધ્યાન આપે તે જરૂરી છે.

# ગાંધીનગર મનપા વિસ્તારમાં રમકડા બેંકનો શુભારંભ

## ભાજપના કાર્યક્રરો દ્વારા ' રમશે બાળકો, ખીલશે બાળકો ' ઉમદા ભાવ સાથે એકત્ર કરાયેલાં રમકડાનું ૨૦૩ બાળકોને કેન્દ્રીય મંત્રી શ્રી અમિત શાહના હસ્તે વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૨૦

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે ગાંધીનગર નજીકના બોરીજ ખાતેથી જરૂરિયાતમંદ બાળકોને રમકડા વિતરણ કરીને, ગાંધીનગર ખાતે રમકડા બેંક અભિયાનનો આરંભ કરાવ્યો હતો. કેન્દ્રીય મંત્રીશ્રીએ બાળકોને ચોકલેટ અને ફૂટનું વિતરણ કર્યું હતું. રમશે બાળકો, ખીલશે બાળકો 'નાં ઉમદા ભાવ સાથે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીનાં કાર્યકરો દ્વારા ઘરે ઘરે જઈને જરૂરિયાતમંદ બાળકો માટે રમકડાં એકઠા કરવામાં આવ્યા હતા. આજે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા બોરીજ પ્રાથમિક શાળા ખાતે જરૂરિયાતમંદ ૨૦૩ જેટલા બાળકોને આ રમકડાનું વિતરણ કરીને આ ઉમદા અભિયાનનો આરંભ કરાવ્યો હતો.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ બાળકોનો પ્રેમ અને લાગણી જોઈને તેમની તરફ આકર્ષાયા હતા. બાળકો બેઠા હતા ત્યાં તેમની વચ્ચે જઈને તેમણે બાળકોને ચોકલેટ અને ફ્રટનું વિતરણ કર્યુ હતું. આ પ્રેમાળ સ્વભાવથી નાના ભુલકાઓનો ઉત્સાહ વધી ગયો હતો. બાળકો સામે ચાલીને તેમની પાસે ચોકલેટ અને ફ્રુટ લેવા માટે જતા હતા.

આ પ્રસંગે મેયર શ્રી હિતેષ મકવાણા, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી જે.સી.પટેલ, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જસવંતભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિરભાઈ ભટ્ટ સહિત કોર્પોરેટરશ્રીઓ અને બોરીજ ગામના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


## SHARE INDIA SECURITIES LIMITED

Share India — You generate, we multiply

CIN: L67120GJ1994PLC115132

Registered Office: 1701-1703, 17th Floor, Dalal Street Commercial Co-operative Society Limited, Road 5E, Block-53, Zone 5, Gift City, Gandhinagar, Gujarat-382355. Tel: 0120-4910000; Website: www.shareindia.com; Email : vikas_cs@shareindia.com

**EXTRACT OF AUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND FINANCIAL YEAR ENDED 31st MARCH, 2023**

(Amount in ₹ Lakhs except EPS)

| S. No. | Particulars | Quarter Ended 31.03.2023 | Quarter Ended 31.03.2023 | Quarter Ended 31.03.2022 | Year Ended 31.03.2022 |
|---|---|---|---|---|---|
| | | Audited | Audited | Audited | Audited |
| 1 | Total income from operations | 34,364.35 | 109,970.24 | 29,482.48 | 87,101.41 |
| 2 | Net Profit / (Loss) for the period (before tax, Exceptional and/or Extraordinary items) | 13822.63 | 43,447.58 | 10,054.40 | 27,244.44 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 13822.63 | 43,594.08 | 10,054.40 | 26,544.98 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 10688.78 | 33,065.71 | 7,602.36 | 20,183.79 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax) | 10476.46 | 33,073.67 | 7,557.14 | 20,009.15 |
| 6 | Paid up Equity Share Capital (Face Value Rs 10/-) | 3254.47 | 3,254.47 | 3,190.66 | 3,190.66 |
| 7 | Other Equity | | 98,595.93 | | 42,622.85 |
| 8 | Earning Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations) (Basic)* EPS Before Exceptional Items EPS after Exceptional Items | 33.09<br>33.09 | 102.27<br>102.68 | 23.63<br>23.63 | 64.92<br>62.74 |
| 9 | Earning Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations) (Diluted)* EPS Before Exceptional Items EPS after Exceptional Items | 28.77<br>28.77 | 88.88<br>89.23 | 20.53<br>20.53 | 56.40<br>54.52 |

*Basic and diluted earnings / (loss) per share for all the previous year periods / year have been retrospectively adjusted for the bonus elements in respect of right issue and ESOP made during the year ended **March 31, 2023.**

**Notes : (1)** The above is an extract of the detailed format of result for Quarter and Financial Year ended on **31st March, 2023** filed with stock exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the said results are available on the website of BSE at **www.bseindia.com** and NSE at **www.nseindia.com** as well as on the Company's website at **www.shareindia.com. (2)** The key information of Standalone Financial results for the Quarter and Financial Year ended **31st March, 2023** are as follows:

(Amount in ₹ Lakhs)

| Particulars | Quarter Ended 31.03.2023 | Quarter Ended 31.03.2023 | Quarter Ended 31.03.2022 | Year Ended 31.03.2022 |
|---|---|---|---|---|
| Turnover | 26,064.402 | 81,982.24 | 23,254.58 | 67,354.45 |
| Profit Before Tax | 10,932.62 | 29,954.26 | 7,468.53 | 20,222.17 |
| Profit after tax | 8,593.25 | 22,901.77 | 5,668.95 | 15,659.75 |

**(3)** Amount of exceptional item of Rs 146.50 lakhs for the year ended March 31, 2023 represents the gain arising on the sale of its entire stake in Share India Commodity Brokers Private Limted (Erstwhile Associate company). The sale was effective w.e.f. December 19, 2022.

**By order of the Board**
**For Share India Securities Limited**
**(Sd/-)**
**Sachin Gupta**
**CEO & Whole-Time Director**
**DIN: 00006070**

**Place : Noida**
**Date : 19.05.2023**



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff — TILE & STONE FIXING EXPERT

Birla White — THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS · Jaquar experience bathing · DR. FIXIT



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


# સત્સંગ ન થાય તો ચાલે પણ કુસંગ મોટી હાની કરે છે: મોરારિબાપુ

## ''માનસ -આચાર્ય'' રામકથામાં શંકરસિંહે મોરારિબાપુને દેનારા તરીકે બિરદાવ્યા



ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને નિજાનંદ ગ્રુપ દ્વારા આયોજિત ગાંધીનગરની માનસ આચાર્ય રામકથા આઠમો દિવસ રામ વનવાસની કથા અને શિક્ષકોના સંકલ્પનો રહ્યો.

આજની કથામાં અમૃતવાણીથી મુખર થતાં પુજ્ય મોરારિબાપુએ કહ્યું કે શિક્ષક એક કુંભકાર છે.તે માનવ પિંડનું ઘડતર કરવામાં તે મહત્વનું યોગદાન આપે છે. શિક્ષક પાસે વિદ્યાર્થી આવે છે ત્યારે તેના માટે અંતઃકરણથી કાર્ય કરવું અને તેની સાથે જોડાઈ જવું તે શિક્ષક ધર્મ છે. બુદ્ધિ એ બ્રહ્મા છે અને શિક્ષકે વિદ્યાર્થીના બૌદ્ધિક વિકાસ માટે કામ કરવું જોઈએ. શિક્ષકોના સમૂહમાંથી ઘણાં બધાં લોકોનો સંકલ્પ મળે છે કે અમે હવે અમારાં વિદ્યાર્થીઓ માટે આવું કરવાનો સંકલ્પ કરીએ છીએ.કેટલાક સંકલ્પ પોતાના આવકના દસમાં ભાગમાંથી વિદ્યાર્થીઓ માટે તેને સમર્પિત કરવા પણ તત્પરતા કરતાં દેખાયાં છે. શિક્ષક તપસ્વી, આચાર્ય યશસ્વી, ગુરુ એ તેજસ્વી હોય તે જરૂરી છે ,પણ સરકાર અથવા તંત્ર મનસ્વી ન હોય તે પણ એટલું જ જરૂરી છે ! આ રીતે બાપુએ સમગ્ર શિક્ષક સમાજ માટે અને તેના આસપાસના વર્તુળને યોગ્ય દિશા આપીને અમૃત કુંભ તરફ લઈ જવાનો પ્રયાસ કર્યો. . શિક્ષકે ગુરુના દરજ્જે પહોંચીને ચેતસિક કામ કરવું જોઈએ તેમ કહીં શિક્ષકના સમગ્ર જીવન પર બાપુએ આજે વિશદ્ સંવાદ કર્યો હતો.

કથાના ક્રમમાં પ્રવેશ કરતાં બાપુએ આજે રામ રાજ્યભિષેકની તૈયારીઓ, અયોધ્યામાં થઈ રહેલાં ફેરફારો અને પછી મંથંરાના કહેવાથી કૈકેયીનુ વચન અને આખરે રામને વનવાસ તથા વનવાસનો સહર્ષ સ્વીકાર, તેમાં પણ છેવાડાનાં માણસને મળવાની સકારાત્મક ભાવના. તેની કથા ખૂબ જ ભાવપૂર્ણ રીતે તમામ રસોથી વહાવી હતી. અયોધ્યા કાંડ સંક્ષિપ્તમાં વિરામ પામ્યો હતો. કથામાં ઉપસ્થિત પુર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા એ કહ્યું કે મોરારિબાપુ દેવાનંદ એટલે દેનારા છે.સમાજ માટે તેમના કાર્યોને નમન.સૌને શિક્ષણ તરફ પોતાનું સામર્થ્ય વાપરવાં તેઓએ અનુરોધ કર્યો. આજની કથામાં વડવાળા દેવ દુધરેજના ગાદીપતિ પૂ.કણીરામબાપુ તથા કવિ શ્રી નીતિન વડગામા,શિક્ષણવિદ્ શ્રી મફતભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત હતા.આજે કથા સંક્ષિપ્તમાં તમામ સોપાનો પૂરા કરીને વિરામ લેશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com